# તલોદમાં પાટીદારોની વિશાળ રેલી

## રેલીના કન્વીનર હાર્દિક પટેલ હાજર રહ્યા : ૨૫મીએ અમદાવાદની રેલીમાં ભાગ લેવા જણાવાયું

તલોદ, તા. ૧૩

અનામતની માંગ સાથેનું આંદોલન વેગ પકડતુ જાય છે. તલોદમાં ગરૂવાર બપોરે પાટીદારોની એક વિશાળ રેલી અનામતની માંગ સાથે નીકળી હતી. સુત્રોચ્ચાર સાથે પાટીદાર રેલી મામલતદાર કચેરી પહોંચી હતી અને આવેદન પત્ર આપ્યું હતું. અનામત આંદોલનના કન્વીનર હાર્દિક પટેલ ખાસ હાજ રહી રેલીને સંબોધી હતી જેમાં ૨૫મીએ અમદાવાદની મહારેલીમાં હાજર રહેવા સૌને જણાવ્યું હતું. તલોદ તથા આજુબાજુના ગામોમાંથી વિશાળ સંખ્યામાં પાટીદાર ભાઈઓ-બહેનો હાજર રહી રેલીને સફળ બનાવી હતી.

અનામતની ચિનગારી હવે ભડકો બની રહી છે. રાજ્યના ખુણે ખુણે અનામતની માગં સાથે જુવાળ ઉભો થયો છે. જેના પડઘા સ્વરૂપે ગામેગામ રેલીઓ યોજાઈ રહી છે. જે સંદર્ભે ગુરૂવારના રોજ તલોદમાં અનામતની માંગ સાથેની એક વિશાળ પાટીદાર રેલી બપોરના સમયે નીકળી હતી. ટી.આર. ચોકથી સુત્રોચ્ચાર સાથે રેલીએ પ્રસ્થાન કર્યુ હતુ અને માર્કેટયાર્ડ આગળ સભા સ્વરૂપે ફેરવાઈ હતી. જેમાં રેલીના કન્વીનર હાર્દિક પટેલ ખાસ હાજર રહી સભાને સંબોધી હતી. જેમાં હાર્દિક પટેલે જણાવ્યું હતું કે યુવાનો સાથે થઈ રહેલો અન્યાય હવે સહન કરી શકાય તેમ નથી જેથી પ્રેમથી જો માંગ નહીં સ્વીકારાય તો ઝુંટવી લેવાની તૈયારી છે. માટે ૨૫મીએ અમદાવાદમાં યોજાનાર મહારેલીમાં તમામ પાટીદારોએ હાજર રહેવા જણાવ્યું હતું. આ રેલી ત્યાર બાદ મામલતદાર કચેરી પહોંચીને મામલતદાર વી.કે. જોષીને માંગ સાથેનું આવેદનપત્ર સુપરત કર્યું હતું.



(તસવીર : દશરથ વણઝારા, તલોદ)



તલોદ, સલાટપુર, જવાનપુર, ખેરોલ, વલીયમપુરા, સીમલીયા, વક્તાપુર, માધવગઢ, તખતગઢ, ટીંબાકંપા સહિત અનેક ગામોના પાટીદારો આ રેલીમાં જોડાયા હતા. ઈડરથી આ રેલીમાં ભાગ લેવા શ્વેતા પટેલ ખાસ આવ્યા હતા અને રેલીમાં મહિલાઓની હાજરી પણ નોંધપાત્ર જોવા મળી હતી. જિલ્લા પોલીસવડા સાથે પોલીસ જવાનોએ રેલી અન્વયે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો અને જે કારણે શાંત વાતાવરણાં રેલી સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

# અરવલ્લી જીલ્લા કોંગ્રેસ મહામંત્રી તરીકે સમીર બલોચની નિમણુંક

મોડાસા, તા.૧૩

આગામી સમયમાં સમગ્ર ગુજરાત રાજયમાં જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચુંટણીના પડગમ વાગી ગયા છે ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા સંગઠનને વધુ મજબુત કરવા માટે અને આવનારી ચુંટણીઓમાં ભાજપાને કારમો પરાજય આપવા માટે રાજયના દરેક જીલ્લા અને તાલુકાઓમાં સંગઠનની રચના કરવામાં આવી રહી છે.



આજરોજ સહકારી જીન ખાતે મળેલ કોંગ્રેસની બેઠકમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના પ્રમુખ ભરતસિંહજી સોલંકી તેમજ વિરોધ પક્ષના નેતા શંકરસિંહજી વાઘેલાની ભલામણથી અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતીના પ્રમુખ પ્રતાપસિંહ ખાંટ દ્વારા બાયડના રહેવાસી સમીરખાન બલોચની અરવલ્લી જીલ્લા કોંગ્રેસ મહામંત્રી તરીકે વરણી કરવામાં આવી હતી. આ વરણી થવા બદલ બાયડના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, ભીલોડાના ધારાસભ્ય અનીલભાઈ જોષીયારા, મોડાસા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર તેમજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મંત્રી અરુણભાઈ પટેલ, વનરાજસિંહ સોલંકી, બાયડ તાલુકા પ્રમુખ અદેસિંહ ચૌહાણ, શહેર કોંગ્રેસ પ્રમુખ વીનુભાઈ પટેલ તેમજ જીલ્લાના કોંગ્રેસી કાર્યકરોએ આ વરણીને વધાવી લઈ અભિનંદન પાઠવ્યા હતા.

### અરવલ્લી જીલ્લા ખાણ ખનિજ વિભાગ દ્વારા મોડાસા તાલુકાના ગોખરવા ગામે

# ગેરકાયદેસર રીતે ચીકણી માટીનુ ખોદકામ કરનારને ૩૨ લાખનો દંડ

મોડાસા, તા.૧૩

અરવલ્લી જીલ્લા ખાણ ખનીજ વિભાગ દ્વારા છેલ્લા કેટાલાય સમયથી જીલ્લામાં ગેરકાયદેસર રીતે ખનીજ ચોરીઓ કરતા ખનીજ માફીયાઓ સામે લાલ



આંખ કરી છે. ત્યારે ટુંકા સમય ગાળામાં અરવલ્લી જીલ્લા ખાણ ખનિજ અધિકારી દ્વારા કરોડો રુપીયાની ખનીજ ચોરી અટકાવી પ્રસંશનીય કામગીરી કરવામાં આવી છે.

મોડાસા તાલુકાથી આશરે ૨૦ એક કિલોમીટરના અંતરે આવેલ ગોખરવા ગામે વગર પરમીશને ચીકણી માટીનું ગેરકાયદેસર રીતે ખોદકામ થતું હોવાની બાતમી અરવલ્લી જીલ્લા ખાણ ખનીજ અધિકારી અજીસીંગ યદુવંશીને મળી હતી. આ બાતમીના આધારે ખાણ ખનીજ અધિકારી અને તેમની ટીમ દ્વારા ગોખરવા ગામે આવેલ સર્વે નંબર - ૪૦માં આવેલ ઈંટવાળામાં ગોખરવા ગામના મુકેશભાઈ પટેલ દ્વારા ખાણ ખનિજ વિભાગની કોઈપણ જાતની પરમીશન કે લીઝ મેળવ્યા વગર ચીંકણી માટીનું ખોદકામ કરવામાં આવતું હતુ. જે અંગે ખાણ ખનિજ વિભાગ અધિકારી અને તેમની ટીમ દ્વારા સ્થળ ઉપર જઈ માપણી કરતા ખાણ ખનિજ વિભાગ દ્વારા ૩૨ લાખ ૭૭ હજાર પાંચસો પીસ્તાળીસ રૂપીયાનો દંડ ફટકારતી નોટીસ મોકલવામાં આવી હતી.

જેને લઈને અરવલ્લી જીલ્લામાં ઈંટવાળો ચલાવતા ઈંટવાળા માલિકો કે જે ગેરકાયદેસર રીતે ચીંકણી માટીનું ખોદકામ કરે છે તેવા લોકો માટે આ કિસ્સો લાલબત્તી સમાન છે. આ અંગેના સમાચાર વાયુવેગે જીલ્લામાં પ્રસરતા ગેરકાયદેસર રીતે ખનીજ ચોરી કરનાર ભુમાફીયાઓ ભુગર્ભમાં ઉતરી ગયા હતા.

**(તસવીર : સમીર બલોચ, મોડાસા)**

# ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ ‘બાહુબલી’ બન્યા

### સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલા ટી.ડી.ઓ.ને ધમકાવતા વિડીયોથી હડકંપ

ડીસા, તા. ૧૩

ડીસા તાલુકાના પૂર અસરગ્રસ્તોને મળતી સરકાર તરફની રોકડ કેશડોલ સહાય અનેકો ગામમાં વિવાદિત બનેલ છે, અને સરકારનો સર્વે ખોટો હોવાનું અને સરપંચ તેમજ તલાટી મિલીભગતે માત્ર તેમના મળતિયાઓને રોકડ સહાય ચૂકવી બીજા સાચા જરૂરીયાતમંદ લોકોની અવગણના કરતા હોવાના ચોંકાવનારા અહેવાલો મળેલ છે. ત્યારે ડીસા તાલુકાના આ અસરગ્રસ્તો માટે ડીસાના ગોવાભાઈ દેસાઈ અસલ બાહુબલી સ્ટાઈલમાં અસરગ્રસ્તો માટે આગળ આવ્યા હતા જેમાં તેમને ડીસા તાલુકા વિકાસ અધિકારી સિરોયાને બાહુબલી સ્ટાઈલમાં તાલુકા પંચાયત કચેરીમાં ઘુસી પૂર અસરગ્રસ્ત સહાય પેકેજ ગેરરીતી કામમાં ધમકાવતા આ વિડીયો હાલ વાઈરલ બન્યો છે.

આ ઘટનાની વિગતો જોઈએ તો ડીસા તાલુકા પંચાયત કચેરીમાં કેશડોલ સહાય માટે ડીસા તાલુકાના અનેકો સહાયથી વંચિત વિવિધ ગામના લોકો નિત્ય ધક્કા ખાય છે અને પોતાની વ્યથા રજુ કરે છે. જો કે સરકાર સર્વે માટે તેમને મુકેલા તલાટી અને અન્ય અધિકારી તથા ગામના સરપંચ પર મદાર રાખે છે. જેમાં અનેક ગ્રામીણ વિસ્તારોમાં સર્વેમાં મનમાની કરાતા પૂરથી બેહાલ અનેકો ગ્રામવાસી હાલ પણ સહાયથી વંચિત બનેલ છે. ત્યારે આવાજ એક કેસમાં ડિસાના નાગફના ગામના પૂર પીડિતોનું અંદાજીત ૧૦૦૦થી વધુનું ટોળુ કેશડોલ સહાયમાં ગેરરીતીની રજૂઆત સાથે ડીસાની તાલુકા પંચાયત કચેરીમાં ઘુસી આવ્યું હતું. જો કે તેમની રજુઆત પરત્વે ધ્યાન દેવાશે તેવું તાલુકા વિકાસ



અધિકારીએ જણાવ્યું હતું. જો કે તે બાદ આ મામલામાં ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ અસરગ્રસ્તોની પીડાથી પિત્તો ગુમાવ્યો હતો અને બાહુબલી સ્ટાઈલમાં સીધા ડીસા તાલુકા પંચાયત કચેરી દોડી આવ્યા હતા. જેમને કચેરીમાં ગુસી તાલુકા વિકાસ અધિકારી આઈ.જે. સિરોયાને ધમકાવી નાખ્યા હતા. અને આક્રોશ સાથે જણાવ્યું હતુ કે આ ખોટો સર્વે કોને કર્યો હતો ? ક્યા છે સર્વે કરવાવાળા ?, શું તમે આ રીતે ઓફિસમાં બેઠા-બેઠા સર્વે કરો છો ? લાવો તમારો ફોન, તમારા ફોનથી ડી.ડી.ઓ.ને ફોન લગાવો તેમ કહી ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ પોતાના હાથની ફાઈલ ટેબલ પર પછાડી હતી. ધારાસભ્યનું આ ઉગ્ર રૂપ જોઈ ફરજ ઉપર હાજર ટીડીઓ આઈ.જે. સુરોયાએ અસરગ્રસ્તોની રજૂઆત પ્રત્યે યોગ્ય કરવાની ખાતરી આપી હતી. જો કે આ રોષથી ભભુકતા ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ ડીસા તાલુકામાં સરકારના સર્વે પર અનેકો સવાલ ઉઠાવ્યા હતા, જો કે અસલ “બાહુબલી” સ્ટાઈલમાં ધારાસભ્ય ગોવાભાઈનો આ વિડીયો તે બાદ સોશિયલ મીડિયામાં ફેસબુક અને વોટસએપમાં વાયરલ બન્યો છે.

**(કાંતિલાલ લોધા, ડીસા)**

# અરવલ્લી જિલ્લાનો ચિલ્ડ્રન સાયન્સ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૧૩

મોડાસામાં ગુજકોસ્ટ પ્રેરિત સરસ્વતી લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ અંતર્ગત નેશનલ સેમિનાર ૨૦૧૫ની શિક્ષક તાલીમ કાર્યશાળાનું આયોજન કરાયેલ હતુ. બાળકોમાં વૈજ્ઞાનિક વલણો, સંશોધનની સૂઝ, ટેવ કેળવવા આયોજિત કાર્યક્રમ એચ.એલ. પટેલ સરસ્વતી વિદ્યાલયમાં યોજાયો હતો. આ શાળાનું દીપ પ્રાગટ્ય દ્વારા ઉદ્ઘાટન જિલ્લા શિક્ષણાધિકારી એ.પી. ઝાલાએ કર્યું હતું. મંડળના પ્રમુખ મોહનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ કાર્યક્રમમાં મંત્રીશ્રી હંસરાજભાઈ પટેલ તથા જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ રાકેશભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યશાળામાં તજજ્ઞ વક્તા તરીકે સાયન્સ કોલેજ મોડાસાના પ્રા. ડૉ. જગદીશ પ્રજાપતિ, પ્રા. ડૉ. શૈલેષ દવે તથા આચાર્યશ્રી પ્રભુદાસ પટેલ અભ્યાપૂર્વ વક્તવ્ય આપેલ હતુ. જિલ્લા કો-ઓર્ડિનેટર ડૉ. જિજ્ઞેશ સુથાર સ્વાગત કરી તથા એનસીએસસીની વિશે માહિતી આપેલ હતી. શાળાના વિજ્ઞાન શિક્ષક ભરત પ્રજાપતિ, કિરણ પટેલે પણ વિષયને અનુરૂપ વ્યાખ્યાન આપેલ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કીરીટભાઈ જોષીએ અને આભારદર્શન રાજન વ્યાસે કરેલ હતુ.

# મોડાસાની કે. એન. શાળાના વિદ્યાર્થીઓ જિલ્લાકક્ષાએ ઝળક્યા

મોડાસા, તા. ૧૩

મોડાસામાં આવેલી કે.એન. શાળા જિલ્લાકક્ષાએ યોજાયેલ રમત સ્પર્ધામાં અવ્વલ નંબરે વિજેતા બની છે.

જિલ્લાકક્ષાની અન્ડર-૧૦ ચેસ સ્પર્ધામાં કુંજન ત્રિવેદી પ્રથમ, અંડર-૧૪ ચેસમાં નીલાંશી પટેલ દ્વિતીય, અન્ડ્ર-૧૯ ચેસમાં શૈલી ચૌધરી દ્વિતીય, અન્ડર-૧૯ ચેસમાં તીથેશ પ્રજાપતિ દ્વિતીય તેમજ લયેરા પટેલ ત્રીજા ક્રમે વિજયી બન્યા હતા. થ્રો-બોલ સ્પર્ધામાં અન્ડર-૧૯ ભાઈઓની ટીમ જિલ્લામાં પ્રથમ ક્રમે વિજેતા બની છે.

વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ પ્રમુખ બીપીન શાહ તથા હોદ્દેદારો આચાર્ય મનીષ જોષી, પી.એસ. સુથાર, કે.આર. ખાંટ, પી.બી પટેલ સહિત શાળા પરિવારે માર્ગદર્શન શિક્ષકો શૈલેષ નાયક અને પી.એમ. કટારા અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.


ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧


# મોડાસા આર.ટી.ઓ. કચેરી ફરતા કાદવ કિચડથી વાહનચાલકો તોબા

મોડાસા, તા. ૧૩

મોડાસા ગાજણ ગામની સીમમાં ખાનગી ફાર્મસી કોલેજની ઈમારતમાં હંગામી ધોરણે બનાવવામાં આવેલી આરટીઓ કચેરી જ્યારથી આ સ્થળે ખસેડાઈ છે ત્યારથી પ્રજાજનો માટે માથાના દુઃખાવા સમાન સાબીત થઈ રહી છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં ૧૦ દિવસ પહેલા સતત ૫ દિવસ સુધી ખાબકેલા વરસાદથી અને પાછલા ત્રણ દિવસથી મોડાસા તાલુકામાં વરસાદી ઝાપટા પડવાથી અને ઝરમર વરસાદથી આરટીઓ કચેરીના આગળના મેદાનમાં વરસાદી પાણીના યોગ્ય નિકાલના



અભાવે મોટા-મોટા ખાબોચીયા ભરાયા બાદ પણ આરટીઓ કચેરીના યોગ્ય વહિવટના અભાવે વરસાદી પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા ન ગોઠવતાં મેદાનમાં કાદવ-કિચડથી ગંદકી થવા પામી છે. મેદાનમાં જ પાણી ભરાવાથી મચ્છરોનો ઉપદ્રવ વધતાં જિલ્લાના પ્રજાજનો મેલેરીયા, ડેન્ગ્યુ જેવા મચ્છરજન્ય રોગનો ભોગ બનવાની સાથે નવા વાહનચાલકોના વાહન મેદાનમાં રહેલા કાદવ-કિચડમાં ફસાઈ જતાં વાહન ચાલકો તોબા પોકારી ઉઠયા છે.

ત્યારે આરટીઓ કચેરીના અધિકારીઓ દ્વારા આ વરસાદી પાણીનો નિકાલ કરી કાદવ-કિચડ દૂર કરવા રેતીનો પથરાવ કરે તે જરૂરી છે. તદ્ઉપરાંત મોડાસા આરોગ્ય વિભાગ દ્વારા કાદવ-કિચડથી મચ્થછરોના પોરાનો નાશ કરવા દવાનો છંટકાવ કરી મચ્છરોનો નાશ કરવામાં આવે અને વરસાદી પાણી ભરાઈ જઈ રોગચાળો પેદા થવાની સ્થિતિ પેદા કરનાર આરટીઓ વહીવટી તંત્રની સામે યોગ્ય દંડનીય કાર્યવાહી કરે તેવી જિલ્લાના વાહનચાલકો અને કામકાજ અર્થે આવતી પ્રજાએ ઉગ્ર માંગ કરી છે.

**(જય અમીન, મોડાસા)**

# ગુજરાત મિલ્ક ફેડરેશન સંઘમાં પરથીભાઈ ભટોળનો પનો ટુંકો પડ્યો

## બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળના ભાજપમાંથી વળતા પાણી

ડીસા, તા. ૧૩

ગુજરાત કો.ઓ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના ચેરમેન પદ માટે બુધવારે ચૂંટણી યોજાઈ હતી. જેમાં બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળે પણ ઝંપલાવ્યું હતું. પરંતુ ગુજરાત મિલ્ક ફેડરેશનના ચેરમેન પદે સાબર ડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ ચૂંટાઈ આવ્યા હતા. આમ વર્ષોથી બનાસ ડેરીમાં એક હથ્થુ શાસન ધરાવતા બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળનો કારમો પરાજય થતા ભાજપમાંથી વળતા પાણી થઈ રહ્યા છે.

રૂ. ૨૦હજાર કરોડનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા દૂધ મહાસંઘ ગુજરાત કો. ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના ચેરમેન પદ માટે બુધવારે ચૂંટણી સંગ્રામ યોજાયો હતો. જેમાં ચેરમેન પદની સ્પર્ધામાં બનાસ ડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળ પંચમહાલ ડેરીના ચેરમેન જેઠાભાઈ ભરવાડ અને સાબર ડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલે ઝંપલાવ્યું હતું પરંતુ દૂધ મહાસંઘની ચૂંટણીમાં સાબર ડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ પુનઃ ગુજરાત કો.ઓ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશનમાં ચેરમેન પદે ચૂંટાઈ આવ્યું હતુ જ્યારે બનાસડેરીમાં છેલ્લા ૨૨ વર્ષોથી એક હથ્થુ શાસન ધરાવતા પરથીભાઈ ભટોળને કારમો પરાજય વેઠવાનો વારો આવ્યો છે. ગુજરાત કો.ઓ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશનમાં સતત બે વખત સુકાન સંભાળનાર પરથીભાઈ ભટોળના કારમા પરાજયથી આગામી દિવસોમાં રાજકીય તેમજ સહકારી ક્ષેત્રે અનેક બદલાવ જોવા મળી રહ્યા છે. તેમજ બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળના ભાજપમાંથી વળતા પાણી થતા આગામી દિવસોમાં આવનાર બનાસ ડેરીના ચૂંટણીમાં પણ પશુપાલકો જાકારો આપે તો નવાઈ નહી. તાજેતરમાં યોજાયેલ બનાસકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં પણ બનાસ ડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળ સમર્થીત પેનલનો કારમો પરાજય થયો હતો.


SANGHI CEMENT
KisaN
ashirvad
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭